## સા. વ. વિ. પરિપત્ર ક્રમાંક : પવસ-૧૬૯૬-૮૭૮-ગ-૪, તા. ૩૧-૮-૧૯૯૯

### અનામત અને રોસ્ટર પ્રથા - જગ્યા આધારિત શ્રી આર. કે. સંભરવાલ અને અન્ય વિરૂદ્ધ પંજાબ સરકાર અને અન્યના કેસમાં સર્વોચ્ચ અદાલતના ચુકાદાના અમલીકરણ અંગે સ્પષ્ટતાઓ કરવા બાબત

શ્રી આર. કે. સભરવાલ અને અન્ય વિરૂદ્ધ પંજાબ સરકાર અને અન્યના કેસમાં નામ, સર્વોચ્ચ અદાલતે આપેલ ચુકાદાના અમલીકરણ અંગે ભારત સરકારના કર્મચારીગણ, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલય (કર્મચારીગણ અને તાલીમ વિભાગ) ની તા. ૨-૭-૯૭ ની કચેરી યાદી ક્રમાંક : ૩૬૦૧૨-૨-૯૬-ઈએસટી (આરઈએસ) થી જરૂરી હુકમો/સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવેલ. જેને લક્ષમાં રાખીને સામાન્ય વહિવટ વિભાગના તા. ૮-૩-૯૯ ના ઠરાવ ક્રમાંક : પવસ-૧૬૯૬-૮૭૮-ગ-૪ થી જરૂરી હુકમો/ સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવેલ છે. આ અંગે સચિવાલયના વિભાગો તેમજ ખાતા/કચેરીના વડાઓ તરફથી જુદા જુદા મુદ્દાઓ અંગે પૃચ્છાઓ કરીને માર્ગદર્શન માંગવામાં આવે છે. આથી ઉપસ્થિત થતા મુદ્દાઓ અંગે માર્ગદર્શન આપવામાં અને તેના અમીલકરણ અંગે એકસૂત્રતા જળવાય તે હેતુથી સામાન્ય વહીવટ વિભાગના તા. ૮-૩-૯૯ ના ઠરાવ અંગે કેટલીક સ્પષ્ટતાઓ બહાર પાડવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણાને અંતે સામાન્ય વહિવટ વિભાગના તા. ૮-૩-૯૯ ના ઠરાવ અંગે આ સાથેના પરિશિષ્ટ-૧ માં જણાવ્યા મુજબની સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવે છે.

૨. આ પરિપત્ર હેઠળની સ્પષ્ટતાઓ અમલ તા. ૮-૩-૯૯ થી કરવાનો રહેશે.

પરિશિષ્ટ - ૧

(સા. વ. વિ. ના તા. ૩૧-૮-૧૯૯૯ ના પરિપત્ર ક્રમાંક : પવસ-૧૬૯૬-૮૭૮-ગ-૪ સાથેનું પરિશિષ્ટ)

**(૧) સંવર્ગના ભરતી નિયમોમાં સીધી ભરતી અને બઢતીનું પ્રમાણ (Ratio) નિયત થયેલ ન હોય તેવા સંવર્ગોમાં રોસ્ટરો કઈ રીતે બનાવવા જોઈએ. અને અનામત વર્ગોનું પ્રતિનિધિત્વ કઈ રીતે જાળવવું જોઈએ ?**

જે સંવર્ગના ભરતી નિયમોમાં સીધી ભરતી અને બઢતીનું પ્રમાણ નિયત થયેલ ન હોય તેવા સંવર્ગોમાં તા. ૮-૩-૯૯ ની સ્થિતિએ સીધી ભરતીથી જેટલી જગ્યાઓ ભરાયેલ હોય તેટલું જગ્યાઓનું સીધી ભરતીનું અને બઢતીથી જેટલી જગ્યાઓ ભરાયેલ હોય તેટલી જગ્યાઓનું બઢતીનું એમ બે અલગ અલગ રોસ્ટરો બનાવવાના રહેશે. આવા કિસ્સાઓમાં સીધી ભરતીથી ભરાયેલ અને બઢતીથી ભરાયેલ જગ્યાઓના સરવાળાને ધ્યાનમાં રાખીને અનામત વર્ગોના પ્રતિનિધિત્વની ગણતરી કરવાની રહેશે. આ રીતે રોસ્ટરો બનાવ્યા પછી ભરતીના જે સ્ત્રોતથી જગ્યાઓ ભરવામાં આવે તેમાં રોસ્ટર ક્રમ વધારવાના રહેશે અને બાકીના સ્ત્રોતમાં રોસ્ટર ક્રમ

ઘટાડવાના રહેશે. એટલે કે જેટલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવામાં આવે તેટલા ક્રમ સીધા ભરતીના રોસ્ટરમાં વધારવાના રહેશે અને બઢતીના રોસ્ટરમાં તેટલા ક્રમ ઘટાડવાના રહેશે. તેવી જ રીતે જેટલી જગ્યાઓ બઢતીથી ભરવામાં આવે તેટલા ક્રમ બઢતીના રોસ્ટરમાં વધારવાના રહેશે અને સીધી ભરતીના રોસ્ટરમાં તેટલા ક્રમ ઘટાડવાના રહેશે. આમ કરતાં ભરતીના બંને સ્ત્રોતને લક્ષમાં રાખીને અનામત વર્ગોનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તેની કાળજી રાખવાની રહેશે.

**(૨) જે સંવર્ગના ભરતી નિયમોમાં નિયત કરેલ ભરતીના પ્રમાણ (Ratio) માં ફેરફાર થયેલ હોય તો તા. ૮-૩-૯૯ ની સ્થિતિએ નવા રોસ્ટરો કઈ રીતે બનાવવાં જોઈએ ?**

જે તે સંવર્ગના ભરતી નિયમોમાં નિયત કરેલ ભરતીના પ્રમાણમાં ફેરફાર થયેલ હોય તેવા સંવર્ગોના કિસ્સાઓમાં સામાન્ય વહિવટ વિભાગના તા. ૮-૩-૯૯ ના ઠરાવ સાથેના પરિશિષ્ટ-૧ માંની સ્પષ્ટીકરણાત્મક નોંધોની નોંધ-૯ માં જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે. ભરતી નિયમોમાં નિયત કરવામાં આવેલ મૂળ ભરતી પ્રમાણથી શરૂ કરી આ પ્રક્રિયા કરવાની રહેશે.

**(૩) સીધી ભરતીમાં તા. ૧-૪-૭૮ થી અસ્થાયી જાતિઓ અને વિમુક્ત જાતિઓ સહિત સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે સરકારી નોકરીઓમાં જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી ત્યારે ૮૨ જ્ઞાતિઓ-વર્ગો-જૂથોને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગો તરીકે ગણવામાં આવેલ. ત્યારબાદ તેમાં વખતોવખત નવી જ્ઞાતિઓ-વર્ગો-જૂથોનો સમાવેશ કરવામાં આવેલ હોઈ, તા. ૧-૪-૭૮ પહેલાં નિમાયેલા અને તા. ૧-૪-૭૮ પછી નિમાયેલ પરંતુ પાછળથી સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગોમાં સમાવેલી જ્ઞાતિઓ-વર્ગો-જૂથોના ઉમેદવારોને તા. ૮-૩-૯૯ ની સ્થિતિએ પ્રારંભિક અમલ વખતે અનામત વર્ગના ઉમેદવાર તરીકે ગણવા કે સામાન્ય વર્ગના ઉમેદવાર ગણવા ?**

સીધી ભરતીમાં તા. ૧-૪-૭૮ થી અસ્થાયી જાતિઓ અને વિમુકત જાતિઓ સહિત સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે સરકારી નોકરીઓમાં જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામા આવી હતી. તા. ૧-૪-૭૮ ની સ્થિતિએ ૮૨ જ્ઞાતિઓ-વર્ગો જૂથોને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગો તરીકે ગણવામાં આવેલ. ત્યારબાદ તેમાં વખતો વખત સુધારા-વધારા કરીને અત્યારે લગભગ ૧૪૫ જ્ઞાતિઓ-વર્ગો-જૂથોનો સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગોમાં સમાવેશ કરેલ છે. સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે તા. ૧-૪-૭૮ થી સરકારી નોકરીઓમાં જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરેલ હોઈ, તા. ૧-૪-૭૮ પહેલા આ વર્ગોના જે કોઈ ઉમેદવારો નિમાયેલા હશે તે સામાન્ય વર્ગના ઉમેદવાર તરીકે નિમાયેલા હશે. તેવી જ રીતે જે જ્ઞાતિઓ-વર્ગો-જૂથોને જે તારીખથી સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગો તરીકે સમાવેશ કરેલ હોય તે પહેલા નિમાયેલા અને તા. ૧-૪-૭૮ પછી નિમાયેલા પરંતુ તેમની નિમણૂક પછી સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગોમાં સમાવેશ કરેલી જ્ઞાતિઓ-વર્ગો-જૂથોના ઉમેદવારોને તા. ૮-૩-૯૯ ની સ્થિતિએ પ્રારંભિક અમલ વખતે સામાન્ય વર્ગના ઉમેદવાર તરીકે ગણવાના રહેશે. આવા ઉમેદવારોને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગોના પ્રતિનિધિત્વ સામે ગણવાના રહેશે નહિ.

જગ્યાઓમાં ૫ ટકા [illegible]

**રાખવાની જોગવાઈ કરવામાં આવેલ હતી. ત્યારબાદ તા. ૧-૫-૯૪ થી તેમાં નો વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ અને સેવાઓમાં ૨૭ ટકા અનામત રાખવાનું ઠરાવેલ હોઈ, તા. ૮-૩-૯૯ ની સ્થિતિએ આ વર્ગો માટે અમલ કેવી રીતે કરવો જોઈએ ?**

ીમાં તા. ૧-૪-૭૮ થી અસ્થાયી જાતિઓ અને વિમુક્ત જાતિઓ સહિત સામાજીક અને છાત વર્ગો માટે સરકારી નોકરીઓમાં વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓમાં ૫ ટકા ને વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓમાં ૧૦ ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ વેલ હતી. ત્યારબાદ તા. ૧-૫-૯૪ થી શરૂ થતી સીધી ભરતીની નિમણૂકોમાં વર્ગ- વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ અને સેવાઓમાં ૨૭ ટકા જગ્યાઓ અનામત રાખવાનું આમ, વખતોવખત નિયત થયેલી ટકાવારી મુજબ ભરતીઓ કરવામાં આવેલ છે. પરંતુ ૯૪ થી ટકાવારીમાં વધારો થતાં તા. ૮-૩-૯૯ ની સ્થિતિએ આ વર્ગો માટેની નિયત ૭ ટકા ધ્યાને રાખીને પ્રારંભિક અમલ કરવામાં આવે તો આ વર્ગો માટે ઘટ આવે છે. હિવટ વિભાગના તા. ૮-૩-૯૯ ના ઠરાવમાં "પ્રારંભિક અમલ" ના શીર્ષક હેઠળના પેરા- વ્યા મુજબ પ્રારંભિક સમયે રોસ્ટરમાં દરેક માટે અંકિત થયેલા ક્રમાંકોની સામે સંવર્ગમાં ર્ગોના પદધારીઓનું ખરેખર પ્રતિનિધિત્વ નક્કી કરવું જરૂર બનશે. આ કાર્યવાહી સૌથી ણૂક મેળવનારથી શરૂ કરીને રોસ્ટરના દરેક ક્રમાંક સામે થયેલી નિમણૂકોની ગોઠવણી વેલ છે. સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે તા. ૧-૫-૯૪ થી ૨૭ ટકા જગ્યાઓ ાખવાની જોગવાઈ કરેલ હોવાથી તા. ૮-૩-૯૯ ની સ્થિતિએ આ વર્ગો માટેની નિયત ૭ ટકા અમલમાં હોઈ, પ્રારંભિક અમ વખતે ૨૭ ટકા ધ્યાને રાખીને રોસ્ટરો બનાવવાના તેમ કરતાં જો કોઈ વધ ઘટ આવતી હોય તો ભવિષ્યમાં જે ભરતીઓ કરવામાં આવે ભર કરવાની રહેશે.

**રતીના અને બઢતીના રોસ્ટરો અલગ અલગ બનાવવાના કે ભેગા બનાવવાના ે કેટલા ક્રમાંકોના બનાવવાના છે ?**

ર્ગના ભરતી નિયમોમાં ભરતીના જેટલા સ્ત્રોત બતાવેલ હોય તેટલા સ્ત્રોતના અલગ સ્ટરો બનાવવાના રહેશે. જે સંવર્ગના ભરતી નિયમોમાં ફક્ત ભરતીથી જગ્યાએ ભરવાની હોય તો તેનું ફક્ત સીધી ભરતીનું જ રોસ્ટર બનાવવાનું રહે. જે સંવર્ગના ભરતી નિયમોમાં તીથી જગ્યાઓ ભરવાની જોગવાઈ હોય તો તેનું ફક્ત બઢતીનું જ રોસ્ટર બનાવવાનું , જે સંવર્ગના ભરતી નિયમોમાં સીધી ભરતીથી અને બઢતીથી જગ્યાઓ ભરવાની હોય તો તે સંવર્ગના સીધી ભરતીના અને બઢતીના એમ અલગ અલગ બે રોસ્ટરો ના રહેશે. આવા કિસ્સામાં ભરતી નિયમોમાં ભરતીનું જે પ્રમાણ નિયત થયેલ હોય તે ધી ભરતી અને બઢતીના ફાળે જેટલી જગ્યાઓ આવતી હોય તેટલા ક્રમાંકોના અલગ સ્ટરો બનાવવાના રહેશે અને તે પ્રમાણે જે તે ભરતી સ્ત્રોતમાં અનામત વર્ગોનું પ્રતિનિધિત્વ રહે તેની કાળજી રાખવાની રહેશે.

**(૬) જે સંવર્ગના ભરતી નિયમોમાં બઢતીની ટકાવારી ૨૫ ટકા કરતાં ઓછી હોય તેવા સંવર્ગમાં સામાન્ય વહિવટ વિભાગના તા. ૮-૩-૯૯ ના ઠરાવ મુજબ રોસ્ટરનો અમલ કઈ રીતે કરવાનો રહેશે ?**

સામાન્ય વહિવટ વિભાગના તા. ૩૧-૭-૮૯ ના ઠરાવ ક્રમાંક : પવસ-૧૨૮૯-૧૬૨૫-ગ-૩ માંની જોગવાઈ મુજબ જેમાં બઢતીની ટકાવારી ૨૫ ટકા અથવા તેથી વધુ હોય એ કક્ષા કે સેવાઓમાં જ અનામત વર્ગો માટે બઢતીમાં અનામત લાગુ પડે છે. અર્થાત જે સંવર્ગના ભરતી નિયમોમાં બઢતીની ટકાવારી ૨૫ ટકાથી ઓછી હોય તો તેવી જગ્યાઓમાં બઢતીમાં અનામત અને રોસ્ટર પ્રથાનો અમલ કરવાનો રહેતો નથી. આથી આવા સંવર્ગો માટે સામાન્ય વહિવટ વિભાગના તા. ૮-૩-૯૯ ના ઠરાવ મુજબ બઢતી માટેના અલગ રોસ્ટરો બનાવવાના રહેશે નહિ. જે કેસોમાં બઢતીની નિમણૂકોમાં અનામત અને રોસ્ટર પ્રથા લાગુ પડતી નથી તે કેસોમાં તદનુરૂપ સંખ્યા જેટલી જગ્યાઓ અનામતના અમલીકરણના ક્ષેત્ર બહાર ગણાશે અને તેમાં જો કોઈ અનામત વર્ગોના કર્મચારીઓ બઢતી પામેલા હશે તો તેમને અનામતના પ્રતિનિધિત્વની કુલ સંખ્યાની ગણતરીમાં લેવાના રહેશે નહિ. આમ છતાં બઢતીના જે સંવર્ગોમાં અનામત અને રોસ્ટર પ્રથા લાગુ પડે છે તેમાં તેમની પોતાની પ્રવરતા મુજબ બઢતી પામેલા હોય તેવા અનામત વર્ગોના ઉમેદવારોને અનામતના પ્રતિનિધિત્વની ગણતરીમાં લેવાના રહેશે.

**(૭) જે સંવર્ગના ભરતી નિયમોમાં પ્રતિનિધિત્વ પરની બદલી/બદલીની જોગવાઈ હોય અને તે મુજબ પ્રતિનિયુક્તિ પરની બદલી/બદલીથી જગ્યાઓ ભરેલ હોય તો રોસ્ટરમાં તેમના પ્રતિનિધિત્વની ગણતરી કઈ રીતે કરવી ?**

સામાન્ય વહિવટ વિભાગના તા. ૮-૩-૯૯ ના ઠરાવ ક્રમાંક-૪ (૫) અને સ્પષ્ટીકરણાત્મક નોંધોની નોંધ-૭ ની જોગવાઈ મુજબ પ્રતિનિયુક્તિ પરની બદલી/બદલીને અનામત લાગુ પડતી ન હોવાથી જે સંવર્ગના ભરતી નિયમોમાં પ્રતિનિયુક્તિ પરની બદલી/બદલીની જોગવાઈ હોય અને તે માટે ભરતીનું પ્રમાણ નિયત થયેલ હોય તો આવી જગ્યાઓને રોસ્ટરો તૈયાર કરતી વખતે બાકાત રાખવાની રહેશે. એટલે પ્રતિનિયુક્તિ પરની બદલી/બદલી માટે નિયત થયેલ ભરતી પ્રમાણ મુજબ જેટલી જગ્યાઓ ભરવાપાત્ર થાય તેટલી જગ્યાઓને કુલ સંખ્યાબળમાંથી બાદ કર્યા પછી બાકી રહેતા સંખ્યાબળ સામે અનામત વર્ગો માટે પ્રતિનિધિત્વ ગણવાનું રહેશે. પ્રતિનિયુક્તિ પરની બદલીથી/બદલીથી ફરજ બજાવતા કર્મચારીઓને પ્રતિનિધિત્વ સામે ગણવાના રહેશે નહિ.

**(૮) જે સંવર્ગના ભરતી નિયમોમાં પ્રતિનિયુક્તિ પરની બદલી/બદલીની જોગવાઈ ન હોય અને પ્રતિનિયુક્તિ પરની બદલીથી/બદલીથી જગ્યાઓ ભરાયેલ હોય તો પ્રતિનિધિત્વની ગણતરી કઈ રીતે કરવી ?**

સામાન્ય વહિવટ વિભાગના તા. ૮-૩-૯૯ ના ઠરાવના ફકરા-૪ (૫) અને સ્પષ્ટીકરણાત્મક નોંધોની નોંધ-૭ ની જોગવાઈ મુજબ પ્રતિનિયુક્તિ પરની બદલી/બદલીને અનામત લાગુ પડતી ન હોવાથી જે સંવર્ગના ભરતી નિયમોમાં પ્રતિનિયુક્તિ પરની બદલી/બદલીના જોગવાઈ ન હોય તો તેનો અલગ સંવર્ગ ગણાશે નહીં. તેથી જે કોઈ વ્યક્તિ પ્રતિનિયુક્તિ પરના બદલી/બદલીથી નિમાયેલ હોય તેને અનામત વર્ગોના પ્રતિનિધિત્વ સામે ગણવાની રહેશે નહીં. આવા કેસોમાં કુલ સંખ્યાબળ સામે પ્રતિનિધિત્વ જોવાનું રહેશે.

**રતીના જે પ્રકારમાં અનામત અને રોસ્ટર પ્રથા લાગુ પડતી ન હોય તેમાં આવતી ગ્યાઓને કુલ સંખ્યાબળમાં લેવી કે કેમ ?**

રતીના જે પ્રકારમાં અનામત અને રોસ્ટર પ્રથા લાગુ પડતી ન હોય તેમાં જેટલી જગ્યાઓનો માવેશ થયેલો હોય તેટલી જગ્યાઓને પણ અનામત અને રોસ્ટર લાગુ ન પડે અને તેથી તે ગ્યાઓ પર નિમાયેલ વ્યક્તિઓને અનામત વર્ગોના પ્રતિનિધિત્વ સામે ગણવાની રહે નહીં. આવી ગ્યાઓને સંવર્ગના કુલ સંખ્યાબળમાંથી બાકાત રાખવાની રહે.

**લ્લા ફેરબદલીથી એક જીલ્લામાંથી બીજા જીલ્લામાં તેમજ બદલીથી એક ખાતા/કચેરીના ડાની કચેરીમાંથી બીજા ખાતા/કચેરીના વડાની કચેરીમાં કાયમી ધોરણે સમાવીને મણૂક આપેલ હોય તેવા કર્મચારીઓને રોસ્ટરમાં કઈ રીતે દર્શાવવા જોઈએ ?**

ર્મચારીને જીલ્લા ફેર બદલીથી એક જીલ્લામાંથી બીજા જીલ્લામાં તેમજ બદલીથી એક ખાતાના/ ચેરીના વડાની કચેરીમાંથી બીજા ખાતાના/કચેરીના વડાની કચેરીમાં એટલે કે એક નિમણૂકી ત્તાધિકારીના નિયંત્રણ હેઠળની કચેરીમાંથી બીજા નિમણૂકી સત્તાધિકારીના નિયંત્રણ હેઠળની ચેરીમાં કાયમી ધોરણે સમાવીને જે તે સંબંધિત સંવર્ગમાં નિમણૂક આપવામાં આવેલ હોય તો વા કર્મચારી જે તારીખે નવી કચેરીમાં હાજર થાય તે તારીખથી તે કચેરીમાં તે સંવર્ગના સીધી રતીના રોસ્ટરમાં તેમના નામ દર્શાવવાના રહેશે. આવા કર્મચારી જે જાતિ/વર્ગના હોય તે જાતિ/ ર્ગના ક્રમાંક સામે તેઓને સરભર કરવાના રહેશે. આમ કરતાં તેમની મૂળ કચેરીમાં તેમની સામેનો મ ખાલી પડેલ ગણવાનો રહેશે.

**સરકારી કર્મચારીના આશ્રિતને રહેમરાહે નિમણૂક આપવામાં આવે છે, તેઓને રોસ્ટરમાં રીતે દર્શાવવા જોઈએ ?**

સરકારી કર્મચારીના આશ્રિતને રહેમરાહે નિમણૂક આપવાની નીતિ હાલ અમલમાં છે. આ નિમણૂક પામતા ઉમેદવારને સીધી ભરતીના ઉમેદવાર તરીકે ગણવાના રહે છે. આવા તમામ દવારોના નામ રોસ્ટરમાં નોંધવાનાં રહે છે. આવા ઉમેદવાર જે જાતિ/વર્ગના હોય તે જાતિ/ ના સંબંધિત ક્રમાંક સામે તેઓને સરભર કરવાના રહેશે.

**રના પ્રારંભિક અમલના તબક્કે રોસ્ટરમાં કયા નામો કઈ રીતે દર્શાવવાના છે ?**

માન્ય વહીવટ વિભાગના તા. ૮-૩-૯૯ ના ઠરાવના ફકરા-૫ અને "પ્રારંભિક અમલ" ના શીર્ષક ના ફકરા-૧ માંની જોગવાઈ મુજબ રોસ્ટરના પ્રારંભિક અમલના તબક્કે તા. ૮-૩-૯૯ ના સ્થિતિએ જે તે સંવર્ગમાં જે કર્મચારીઓ/અધિકારીઓ ખરેખર ફરજ બજાવતા હોય તેમના જ નામો રોસ્ટરમાં દર્શાવવાના છે. તા. ૮-૩-૯૯ ની સ્થિતિએ બઢતી, નિવૃત્તિ, અવસાન, રાજીનામું વગેરે કારણે સંવર્ગ છોડી દીધેલ હોય તેઓના નામ નવા રોસ્ટરમાં દર્શાવવાના રહેશે નહિ. આ માટે સંબંધિત સંવર્ગમાં તા. ૮-૩-૯૯ ના રોજ ફરજ બજાવતા કર્મચારીઓમાંથી સૌથી પ્રથમ નિમણૂક મેળવનારથી શરૂ કરીને તા. ૮-૩-૯૯ ની સ્થિતિએ સંવર્ગમાં હોય તેવા તમામ

કર્મચારીઓની રોસ્ટરના દરેક ક્રમાંક સામે હાજર થયા તારીખના ક્રમ મુજબ ગોઠવણી કરવાની રહેશે અને દરેક રોસ્ટર ક્રમાંક સામે ગોઠવેલ કર્મચારી જે જાતિ વર્ગના હોય તે પ્રમાણેની બંધબેસતી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ, સામાન્ય વર્ગથી વપરાયેલ તેવી નોંધ કરવાની રહેશે. સંબંધિત રોસ્ટરોમાં તમામ નિમણૂકો સરભર કરવાની રહેશે. જો કોઈ વધારા હોય તો તેને ભવિષ્યની નિમણૂકો સામે સરભર કરવાનાં રહેશે અને હાલની નિમણૂકોમાં ફેરફાર કરવાનો રહેશે નહિ.

**(૧૩) તા. ૮-૩-૯૯ ની સ્થિતિએ કેટલા ક્રમાંકોના રોસ્ટરો બનાવવાના રહેશે ? સંવર્ગના કુલ સંખ્યાબળમાં વધારો કે ઘટાડો થાય ત્યારે શું કરવું ?**

સામાન્ય વહીવટ વિભાગના તા. ૮-૩-૯૯ ના ઠરાવના ફકરા-૪ (૩) અને ૪ (૪) અને સ્પષ્ટીકરણાત્મક નોંધોની નોંધ-૪ અને નોંધ-૫ ની જોગવાઈ મુજબ જે તે સંવર્ગના ભરતી નિયમોમાં ભરતીના જેટલા સ્ત્રોત હોય અને તે સ્ત્રોત માટે ભરતીનું જે પ્રમાણ નિયત થયેલ હોય તે પ્રમાણે મુજબ તે સંવર્ગના કુલ સંખ્યાબળમાંથી જે તે સ્ત્રોતના ફાળે જેટલી જગ્યાઓ આવતી હોય તેટલા ક્રમાંકોનું અલગ અલગ રોસ્ટર બનાવવાનું રહેશે. ભવિષ્યમાં સંવર્ગના કુલ સંખ્યાબળમાં જો કોઈ વધારો કે ઘટાડો થાય તો તદનુરૂપ રોસ્ટરો વિસ્તારવાનાં કે ટૂંકાવાનાં રહેશે.

**(૧૪) સામાન્ય વહિવટ વિભાગના તા. ૮-૩-૯૯ ના ઠરાવ મુજબ રોસ્ટરો બનાવ્યા પછી બેકલોગની જગ્યાઓ માટે ભરતી પ્રસંગોની તેમજ બેકલોગની જગ્યાઓની ગણતરી કેવી રીતે કરવી જોઈએ ?**

સામાન્ય વહીવટ વિભાગના તા. ૮-૩-૯૯ ના ઠરાવની જોગવાઈ મુજબ હવે "ખાલી જગ્યા આધારિત" રોસ્ટરોને સ્થાને "જગ્યા આધારિત" નવા રોસ્ટરો અમલમાં મૂકવાના હોવાથી સંવર્ગમાં કુલ જેટલી જગ્યાઓ હોય તેટલા જ ક્રમાંકોનું રોસ્ટર બનાવવાનું છે. આ રીતે નિયત કરેલ રોસ્ટરમાં તા. ૮-૩-૯૯ ની સ્થિતિએ પ્રારંભિક અમલ દરમ્યાન સંવર્ગમાં જે અધિકારીઓ/કર્મચારીઓ ફરજ બજાવતા હોય તેમનાં જ નામ નવા રોસ્ટરમાં નોંધવાના રહેશે. આ રીતે કાર્યવાહી કરતાં અનામત વર્ગો માટે નિયત થયેલી ટકાવારી મુજબ પૂરતી સંખ્યામાં અનામત વર્ગોના અધિકારીઓ/કર્મચારીઓ ઉપલબ્ધ ન થતાં અનામત વર્ગોની જગ્યાઓ ખાલી રહેવા પામે તો સીધી ભરતીના કિસ્સામાં બે પ્રયત્નોને અંતે અને બઢતીના કિસ્સામાં ત્રણ બઢતી પ્રસંગો પછી પણ ભરી શકાઈ ન હોય અને આગળ ખેંચવામાં આવેલી હોય તેવી જ જગ્યાઓને બેકલોગની જગ્યાઓ તરીકે ગણવાની રહેશે. પરંતુ બઢતીના કેસમાં સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૯-૧૨-૮૯ ના જાહેરનામા ક્રમાંક : જીએસ-૮૯-૫૯-સીઆરઆર-૧૧૮૯-યુઓ-૨૬૧૮-ગ-૨ માંની જોગવાઈ મુજબ ત્રણ બઢતી પ્રસંગો પછી પણ બઢતીમાં અનામત જગ્યા અનામત ઉમેદવારથી ભરી ન શકાય તે કેસમાં બઢતીની જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની રહેશે.

**નુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગોના જે દેદવારો ગુણવત્તા (Merit) ના ધોરણે પસંદગી પામ્યા હોય તેઓને અનામત જગ્યાઓ મે જ, ગણતાં બિન-અનામત જગ્યાઓ સામે ગણવાની જોગવાઈ કરવામાં આવી તે પહેલાં નિમણૂક પામેલા ઉક્ત જાતિ/વર્ગોના ઉમેદવારોને રોસ્ટરમાં કઈ રીતે દર્શાવવા જોઈએ ?**

સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૧-૧૨-૮૬ ના ઠરાવ ક્રમાંક : પવસ-૧૩૮૬-૧-ગ-૫ થી સીધી ભરતીની નિમણૂકોમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના તેમજ તા. ૨૦-૫-૯૩ ના રાવ ક્રમાંક : પવસ-૧૨૯૦-૨૨૨૨-ગ-૪ થી સીધી ભરતીની નિમણૂકોમાં સામાજીક અને શૈક્ષણિક પછા વર્ગોના જે ઉમેદવારો ગુણવત્તાના ધોરણે પસંદગી પામતા હોય તેમને તે જાતિ/વર્ગો માટેની અનામત જગ્યાઓ સામે ન ગણતાં બિનઅનામત જગ્યાઓ સામે ગણી તે વર્ગોના ઉમેદવારો માટે નિયત થયેલ અનામતની ટકાવારી તે વર્ગોના ગુણવત્તાના ધોરણે પસંદગી પામતા ઉમેદવારો ઉપરાંત લાગુ પાડવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આથી અનુસૂચિત જાતિ/જનજાતિના જે ઉમેદવારો તા. ૧૧-૧૨-૮૬ ના ઠરાવના પેરા-૫ માં જણાવ્યા મુજબ તા. ૪-૬-૮૬ પહેલાં અને ાજીક અને શૈક્ષણિક પછાત વર્ગોના જે ઉમેદવારો તા. ૨૦-૫-૯૩ ના ઠરાવ પહેલાં ગુણવત્તાના ધોરણે પસંદગી પામ્યા હોય તેઓને તે જાતિ/વર્ગો માટેની અનામત જગ્યાઓ સામે ગણતરીમાં લેવાના રહેશે.

**જીલ્લાની વસ્તીને ધ્યાને લેતાં અનામત વર્ગો માટે ૫૦ ટકા કરતાં વધુ ટકાવારી નિયત થયેલ હોય તેવા જીલ્લાઓમાં ૫૦ ટકાની મર્યાદાનો ભંગ ન થાય તે માટે ભરતીની કાર્યવાહી કેવી રીતે કરવી જોઈએ ?**

સામાન્ય વહીવટ વિભાગના તા. ૮-૩-૯૯ ના ઠરાવ સાથેના પરિશિષ્ટ-૧ માંની સ્પષ્ટીકરણાત્મક ોની નોંધ-૨ માં જણાવ્યા મુજબ કુલ અનામત કોઈપણ સંજોગોમાં ૫૦ ટકાથી વધે નહિ તે અનામત જગ્યાઓ રાખવાના સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને નમૂનારૂપ રોસ્ટરો બનાવવાનાં રહેશે. સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૧-૧-૮૬ ના ઠરાવ ક્રમાંક : પવસ-૧૫૮૨-૫૭૧ (૮)-ગ-૩ પવાણી) થી ૧૯૮૧ થી વસ્તી ગણતરી ધ્યાનમાં રાખીને, રાજ્યમાં જીલ્લા કક્ષાની વર્ગ-૩ ના ર્ગોની સીધી ભરતીથી અને બઢતીથી ભરવાની જગ્યાઓ માટે અનામતની કુલ ટકાવારી પ્રમાણે અલગ અલગ નક્કી કરવામાં આવેલ છે. તેમાં કેટલાક જીલ્લાઓમાં અનામતની ટકાવારી ૫૦ ટકા કરતાં પણ વધુ નિયત થયેલી છે. સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૫- ૮૨ ના ઠરાવ ક્રમાંક : પવસ-૧૧૮૨-૫૧૨-ગ-૩ માંની જોગવાઈ મુજબ અનામત જગ્યાઓનું ણ કોઈપણ એક ભરતી પ્રસંગે કુલ ખાલી જગ્યાના ૫૦ ટકા કરતાં વધવું જોઈએ નહિ. આ દા સુધી ભરતી તેમજ બઢતી બંને પ્રસંગો માટે લાગુ પડે છે. આ જોગવાઈને ધ્યાને રાખીને ભરતીની/બઢતીની કાર્યવાહી કરવાની રહેશે.

**(૧૭) તા. ૮-૩-૯૯ ની સ્થિતિએ નવા રોસ્ટરો બનાવવામાં આવે અને તેમાં નિયત ક્રમ સુધી નામો લખાઈ જતાં અને પ્રતિનિધિત્વ જળવાઈ ગયા પછી પણ સીધી ભરતી કે બઢતીના કર્મચારીઓની સંખ્યા વધુ હોય તો પ્રારંભિક અમલ દરમ્યાન તેમના નામો રોસ્ટરમાં કેવી રીતે નોંધવાં જોઈએ તેમજ અનામત વર્ગોના પ્રતિનિધિત્વની ગણતરી કેવી રીતે કરવી જોઈએ ?**

તા. ૮-૩-૯૯ ની સ્થિતિએ પ્રારંભિક અમલ દરમ્યાન જે તે સંવર્ગના ભરતી નિયમોમાં ભરતીનું જે પ્રમાણ નિયત થયેલ હોય તે પ્રમાણને લક્ષમાં રાખીને સંવર્ગના કુલ સંખ્યાબળમાંથી સીધી ભરતીના અને બઢતીના ફાળે જેટલી જગ્યાઓ આવતી હોય તેટલી જગ્યાઓના ક્રમાંકોના સીધી ભરતીના અને બઢતીના અલગ અલગ રોસ્ટરો બનાવવાનાં રહેશે. ત્યારબાદ તા. ૮-૩-૯૯ ની સ્થિતિએ સંબંધિત સંવર્ગમાં જે કર્મચારીઓ/અધિકારીઓ ફરજ બજાવતા હોય તેમાંથી સીધી ભરતીથી નિમાયેલા કર્મચારીઓના નામ સીધી ભરતીના રોસ્ટરમાં અને બઢતીથી નિમાયેલા કર્મચારીઓના નામ બઢતીના રોસ્ટરમાં દર્શાવવાનાં રહેશે. આમ કાર્યવાહી કરતાં સીધી ભરતી કે બઢતીના રોસ્ટરો પૈકી જેમાં નિયત કરેલ જગ્યાઓના ક્રમાંકો કરતાં વધુ કર્મચારીઓ હોય તો તેમના નામ સંબંધિત રોસ્ટરમાં સંખ્યાધિક યાદી તરીકે રાખવાનાં રહેશે અને ભવિષ્યમાં જગ્યાઓ ઉપલબ્ધ થાય તેમ સરભર કરવાનાં રહેશે. આવા સંજોગોમાં પ્રતિનિધિત્વની ગણતરી સીધી ભરતીથી અને બઢતીથી ભરાયેલ કુલ જગ્યાઓને લક્ષમાં રાખીને કરવાની રહેશે.

**(૧૮) ભરતી નિયમોની પ્રવર્તમાન જોગવાઈ મુજબ સામાન્ય રીતે ભરતી ખાલી જગ્યા આધારિત કરવામાં આવે છે. જ્યારે નવાં રોસ્ટરો હવે જગ્યા આધારિત બનાવવાના રહે છે. આ સંજોગોમાં રોસ્ટરમાં અંકિત જગ્યાઓની સંખ્યા સામે સીધી ભરતી અને બઢતી મેળવનારાઓની સંખ્યામાં વખતો વખત વધ-ઘટ જોવા મળશે. આવા કિસ્સાઓમાં રોસ્ટરો કઈ રીતે નિભાવવાં જોઈએ અને અનામત વર્ગોના પ્રતિનિધિત્વની ગણતરી કેવી રીતે કરવી જોઈએ ?**

જે તે સંવર્ગના ભરતી નિયમોની પ્રવર્તમાન જોગવાઈ મુજબ સંવર્ગમાં જ્યારે ખાલી જગ્યાઓ ઉદ્‌ભવે ત્યારે તે ખાલી જગ્યાઓને નિયત ભરતી પ્રમાણ (Ratio) મુજબ સીધી ભરતી અને બઢતીના ફાળે કેટલી જગ્યાઓ આવે છે તેની ગણતરી કર્યા બાદ આવી ખાલી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીથી ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે. જ્યારે સામાન્ય વહીવટ વિભાગના તા. ૮-૩-૯૯ ના ઠરાવની જોગવાઈ મુજબ હવે રોસ્ટરો સંવર્ગની કુલ જગ્યા આધારિત બનાવવાના રહે છે. આથી સંવર્ગમાં બઢતી મેળવનારાઓની અને સીધી ભરતીઓની ખરેખર સંખ્યા સંબંધિત અનામત રોસ્ટરમાં અંકિત જગ્યાઓની સંખ્યા સાથે મેળ ધરાવતી ન હોય એવું પણ બને. આથી સામાન્ય વહીવટ વિભાગના તા. ૮-૩-૯૯ ના ઠરાવના "પ્રારંભિક અમલ" ના શીર્ષક હેઠળની નોંધ-૩ મુજબ સીધી ભરતીથી જેટલી જગ્યાઓ ભરાય તેટલા ક્રમાંકનું સીધી ભરતીનું અને બઢતીથી જેટલી જગ્યાઓ ભરાય તેટલા ક્રમાંકનું બઢતીનું રોસ્ટર બનાવવાનું રહેશે. આમ દરેક ભરતી પ્રસંગે રોસ્ટરને તદ્‌નુરૂપ વિસ્તારવાનું કે ટૂંકાવવાનું રહેશે. પરંતુ રોસ્ટર ક્રમાંકો તો જે તે સ્ત્રોતને ફાળે જતી સંખ્યા જેટલા જ રાખવાના રહેશે. આવા સંજોગોમાં અનામત વર્ગના પ્રતિનિધિત્વની ગણતરીના હેતુ માટે બઢતી મેળવનારાઓ અને સીધી ભરતીઓના સરવાળાને ધ્યાનમાં લેવાના રહેશે.